# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઇ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઇટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૭/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3982-2 તારીખ : 12-6-19

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રી ધુસાભાઈ બેચરભાઈ વાસાણી

મું. પો. : ડોડિયાળા, તા. : જસદણ, જી. : રાજકોટ,

Pin-364490

મોબાઈલ : ૯૬૬૨૮૦૩૬૬૪

વિષય : ટી સી ફેરવવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૩-૦૩-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૬૭/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ગોંડલ.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાસાવડ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૭/ક્વા-૪/૨૦૧૮-૧૯/ તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૭/ક્વા-૪/૨૦૧૮-૧૯

અરજદાર: શ્રી ધુસાભાઈ બેચરભાઈ વાસાણી ગામ: ડોડિયાળા
રજૂઆત કરનાર: અરજદાર શ્રી ધુસાભાઈ બેચરભાઈ વાસાણી હાજર રહેલ છે.

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી વી.જી.મારકણા – પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ

:: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum PG.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૪-૦૬-૨૦૧૯ ( મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૦૬-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી ધુસાભાઈ બેચરભાઈ વાસાણી, ગામ:ડોડિયાળા તેઓની અરજી ના નોંધણી નંબર :૬૭/ક્વા-૪/૨૦૧૮-૧૯ મા જણાવે છે કે, અરજદાર ની બાજુમા રહેતા રમેશભાઈ હરીભાઈ માયાણીએ વેલ્ડીંગ કામ માટે ના રહેણાંક વિસ્તારમાં વીજજોડાણ માટે પીજીવીસીએલ દ્વારા – ટ્રાન્સફોર્મર મંજુર કરેલ – જે અરજદાર ના દિવાલ ની નજીક ઉભુ કરવામા આવેલ ત્યારે તા.૧૯–૦૮–૧૬ ના રોજ વાસાવડ પેટા વિભાગીય કચેરી માં અરજી આપેલ. તેમજ જણાવેલ કે સદર જગ્યામાં ૭૦૦ થી ૮૦૦ વિઘામા જમીનના પાણીનુ હલાણ હોય, કોઈ જાનહાની થશે તો કોની જવાબદારી રહેશે? સદર બાબતે તેઓએ ૦૭ અરજી આપવા છતા – કોઈપણ પ્રકારનુ નિવારણ આવેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- જુનિયર ઇજનેર વાસાવડ દ્વારા સરપંચ અને તલાટી કમ મંત્રી તથા અન્ય પંચોની હાજરીમાં સ્થળ મુલાકાત કરેલ. જે અનુસંધાને કરવામાં આવેલ પંચરોજકામમાં

દર્શાવ્યા મુજબ સવાલ વાળુ ટીસી સેન્ટર ગ્રામ પંચાયતની માલીકીની જગ્યામાં આવેલ છે અને કોઈને નડતરરૂપ નથી તેમજ શ્રી ધુસાભાઈ બેચરભાઈના પ્લોટથી સદર ટ્રાન્સફોર્મર આશરે ૩૦ ફૂટ દૂર છે. આમ સદર ટ્રાન્સફોર્મર સેન્ટર કોઈપણ રીતે કોઈપણ વ્યક્તિને નડતરરૂપ નથી. આ ઉપરાંત સદર ટ્રાન્સફોર્મર તાંત્રિક રીતે ચકાસતા સંપૂર્ણ યોગ્ય હોવાનું માલૂમ પડેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા તેઓના પ્લોટ ની સામે અન્ય ના વીજજોડાણ માટે ટ્રાન્સફોર્મર ઉભુ ન કરવા તેમજ ઉભુ કરેલ ટ્રાન્સફોર્મર નડતરરૂપ હોય શીફટીંગ કરવા માટે – પેટા વિભાગીય કચેરી વાસાવડ ને તા.૧૯–૦૮–૧૬, તા.૨૮–૦૯–૧૬, તા.૦૫–૦૭–૧૭, તા.૨૨–૧૧–૧૭, તા.૨૩–૦૩–૧૮, તા.૧૩–૦૮–૧૮ અને તા.૨૪–૦૫–૧૮ થી અરજી આપવા છતા, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ હોય, તે અંગેના આધાર–પુરાવા રજુ કરાયેલ નથી. ત્યારબાદ, અરજદાર દ્વારા સદર બાબતે – ફોરમ સમક્ષ અરજી કરતા – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૧–૦૫–૧૯ ના રોજ સદર જગ્યાનુ પંચ રોજકામ કરવામા આવેલ, તે મુજબ – ઉભુ કરાયેલ ટ્રાન્સફોર્મર રોડ ની બાજુમા ઉભુ કરાયેલ છે, જે ગ્રામ્ય પંચાયત ની માલીકી ના કબ્જામાં છે. તેમજ, સદર ટ્રાન્સફોર્મર ધુસાભાઈ બેચરભાઈના પ્લોટથી આશરે ૩૦ ફૂટ દૂર ઉભુ કરાયેલ છે.

૪.૨ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા સદર જગ્યાના રોડ, રસ્તા અને પ્લોટ ની માપ સાઈઝ દર્શાવતો ગ્રામ્ય પંચાયત નો મંજુર કરાયેલ પ્લાન – પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં રજુ કરવા જણાવવામા આવે છે, જે મળ્યે થી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવી, તેમજ જો સદર ટ્રાન્સફોર્મર નુ અંતર અરજદાર ની માલીકી ની જગ્યાથી સેફટી ના નિયમો ની જોગવાઈઓ ને આનુષાંગીક નહોય તો – સદર ટ્રાન્સફોર્મર ને શીફટીંગ કરવા માટે ની પીજીવીસીએલ પક્ષકાર ને નિયમાધીન કાર્યવાહી કરવાની સુચના આપવામા આવે છે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લૉક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot